Seat No. : _______________

# KL-103

**April-2014**

## T.Y.B.A. (Annual Pattern)

## Gujarati, Paper-IX

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. અનુગાંધીયુગના લક્ષણો જણાવી – ગાંધીયુગથી કઈ રીતે જુદો પડે છે તેના લક્ષણોની સવિસ્તર ચર્ચા કરો. **14**

**અથવા**

(અ) રાજેન્દ્રશાહ, કૃષ્ણલાલ શ્રીધરાણી અને જયંતપાઠક પૈકી કોઈપણ એક સાહિત્યકારની કવિતાના અભ્યાસની ચર્ચા કરો. **7**

(બ) 'નમેલી સાંજ', 'સ્વપ્ન પ્રયાણ', 'બારી બહાર' પૈકી કોઈપણ એક કૃતિનો પરિચય કરાવો. **7**

2. (અ) કોઈપણ **એક** વિશે નોંધ લખો. **14**

(1) આધુનિક અને આધુનિકોત્તર સાહિત્યનાં વલણોની સમીક્ષા કરો.

(2) પરાવાસીવવાદ

(બ) કોઈપણ **એક** વિશે નોંધ લખો.

(1) લાભશંકર ઠાકર અથવા રઘુવીર ચૌધરી

(2) સાંપ્રત ટૂંકીવાર્તા અથવા આંપ્રત નિબંધ

3. (અ) નીચેનામાંથી કોઈપણ **ત્રણ** છંદોનો સદૃષ્ટાંત પરિચય કરાવો : **6**

શિખરિણી, હરિગીત, પૃથ્વી, સ્ત્રગ્ધરા, શાર્દૂલવિક્રિડિત

(બ) નીચેનામાંથી કોઈપણ **ચાર** પંક્તિઓના છંદ માત્ર ઓળખાવો. **8**

(1) રાગને ત્યાગની વચ્ચે હૈયું એ ઝૂલતું હતું !

(2) રે પંખીડાં, સુખથી ચણજો, ગીત વાં કાંઈ ગાજો

(3) અવ અહીં ઝૂલે ખાલી શીકું વિના દધિ ઝૂરતું

(4) કોને કહું દુ:ખ અરે ! પ્રિય આ અકથ્ય,
સંભ્રાન્તિનુંય સુખ છે મુજને અપથ્ય.

(5) વર્ષો લગી એ કરી ધર્મચિન્તા,
ને વૈકી કૈં વર્ષ સુધી અનિદ્રા

(6) ઓ ઈશ્વર ભજિયે તને, મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારાં કામ

4. (અ) નીચેનામાંથી કોઈપણ **ત્રણ** અલંકારનો સદ્દષ્ટાંત પરિચય કરાવો : **6**

ઉપમા, રૂપક, વ્યતિરેક, સ્વાભાવોક્તિ, શ્લેષ

(બ) નીચેનામાંથી કોઈપણ **ચાર** અલંકાર માત્ર ઓળખાવો. **8**

(1) લોચન તેનાં જાણે પદ્મપાંખડી

(2) એ નાટક એટલું કરુણ કે, થિયેટર અશ્રુસાગર બની ગયું.

(3) વાહ ! શી તમારી બહાદુરી ! કીડીનું ખૂન કરી નાખ્યું ?

(4) ચાકરની બુદ્ધિતો ચાકર જેવી

(5) એવા તણી ગરજ છે વિભુને ન મારી,
નૌકા તણી ગરજ ન જયમ સિન્ધુ રાખે.

(6) કામિની કોકિલા કેલી કૂજન કરે.

5. નીચેનમાંથી કોઈપણ **એક** કાવ્યનો છંદ, અલંકાર, રસ અને ધ્વનિ આદિની દૃષ્ટિએ આસ્વાદ કરાવો. **14**

**થોડો વગડાનો શ્વાસ**

થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં,
પહાડોનાં હાડ મારા પિંડમાં ને
નાડીમાં નાનેરી નદીઓનાં નીર;
છાતીમાં બુલબુલનો માળો ને
આંગળીમાં આદિવાસીનું તીણું તીર;
રોમ મારા ફરકે છે ઘાસમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં
સૂરજનો રંગ મારાં પાંદડા પીએ ને
પીએ માટીની ગંધ મારાં મૂળ;
અર્ધું તે અંગ મારું પીળાં પતંગિયાં ને
અર્ધું તે તમરાનું કુળ;
થોડો અંધારે, થોડો ઉજાસમાં,
થોડો ધરતીમાં થોડો આકાશમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં

– જયંત પાઠક

**અથવા**

**રસ્તા વસંતના**

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં.
મલયાનિલોની પીંછીને રંગો ફૂલોના લૈ
દોરી રહ્યું છે કોણ આ નક્શા વસંતના.
આ એખ તારા અંગે ને બીજો ચમન મહીં
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના.
મ્હેકી રહી છે મંજરી એકક આંસુમાં
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના.
ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના.
ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે
પાછા ફરી ન આવશે તડકા વસંતના.

– મનોજ ખંડેરિયા